

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સરકારી દવાખાનાંઓ તબીબો વિના ચાલે છે,*
*શાળાઓમાં શિક્ષણ, પણ શિક્ષકો વિના ચાલે છે,*
*ચાલે છે પારદર્શી તંત્ર રોબોટને રિમોટથી -*
*સલામતી - સુરક્ષા પણ પોલીસ વિના ચાલે છે...*
*(ખાલી જગ્યાઓથી ચાલતું તંત્ર)*

### હાઈકુ

*નાણાં ભીડમાં*
*સરકાર તો ઉડે -*
*મોંઘા પ્લેનમાં...*

*બાળકો મરે -*
*બિમારી - સારવાર,*
*પોષણ વિના...*

### ચિંતન

***નિરપેક્ષઃ નિર્વિકારઃ નિર્ભરઃ શીતલાશયઃ ।***
***અગાધબુદ્ધિઃ અક્ષુબ્ધ ભવ ચિન્માત્રવાસનઃ ॥***

**ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**તું કોઈ પણ ઈચ્છા વિનો, નિર્વિકાર, ચિંતા વિનાનો અને શાંત ચિત્તવાળો, તેમજ ઊંડી બુદ્ધિવાળો, અક્ષુબ્ધ (ક્ષોભ વિનાનો), એકમાત્ર ચૈતન્યથી ઈચ્છાવાળો, નિષ્ઠાવાળો થા.**

**ભગવાન બુદ્ધ કહે છે તેમ ઈચ્છા માત્ર જ અવરોધ બની રહે છે. પરંતુ દેહ છે ત્યાં સુધી જો કંઈ ને કંઈ ઈચ્છા પણ રહેવાની જ હોય તો, અહીં કહ્યું તેમ ચૈતન્યની જ રાખવી. એટલે કે ચેનતાને જાણવાની, એની અનુભૂતિ કરવાની!**

**જીવનમાં વિવેકપૂર્ણ નિર્વિકારી - નિર્વિકારી થઈ તટસ્થ થઈ નિર્લેપ થઈ સંસાર-સમાજમાં રહેવું જોઈએ. ઈશ્વર - બ્રહ્મની પ્રાપ્તિ માટે જ ઝંખના રાખવી.**

### સુવિચાર

- કુટુંબમાં માણસોની સ્વતંત્રતા, શિસ્ત, ત્યાગની કસોટી થાય છે, કારણ કે કુટુંબ એ એકમાત્ર સંસ્થા છે, જે માણસે સ્વયં અને પોતાની જ મરજીથી રચી છે - **ચેસ્ટરટન**
- જો તમને હજી સુધી તમને ગમતું કામ ન મળ્યું હોય તો શોધ ચાલુ રાખો - **સ્ટીવ જોબ્સ**
- આત્મવિશ્વાસ એક સતત ચાલતી પ્રક્રિયા છે, તેથી - સ્થિરતા એ આત્મવિશ્વાસનો દુશ્મન છે, ચાલતા રહો. પ્રગતિ કરતા રહો, વહેતા રહો - **જનકલ્યાણ**
- આત્મસૂઝ એટલે વાણી, વર્તન અને વ્યવહારની યોગ્ય સમજ, વસ્તુને, વિચારને સમજવાની યોગ્ય બુદ્ધિ - **દિવ્યેશ વેકરિયા**
- મારું જીવનસૂત્ર છે, હાથથી છૂટી જાય એ ત્યાગ અને હૃદયથી નીકળી જાય એ વૈરાગ્ય - **મોરારિ બાપુ**
- ભગવાને તો મનુષ્યને પોતના જેવો બનાવવાનો પ્રયત્નો કર્યા, પણ મનુષ્ય તો ભગવાનને પણ પોતાના જેવો બનાવવાના પ્રયત્નમાં છે - **ગાંધીજી**
- આજનું ઔષધ - વડના દૂધથી પેઢા પર માલિશ કરવાથી દાંત અને પેઢા મજબૂત બને છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

વિખ્યાત અંગ્રેજ કવિ, નાટ્યકાર, નવલકથાકાર ઓલિવર ગોલ્ડસ્મિથ ઋજુ સ્વભાવના અતિ સંવેદનશીલ વ્યક્તિ હતા. તેઓ એક ડૉક્ટર પણ હતા. ડૉ. ઓલિવરની ગરીબોની સહાય કરવાની વૃત્તિની જાણ થતાં એક ગરીબ સ્ત્રીએ ડૉ. ઓલિવરને પોતાની દુર્દશા વર્ણવતો પત્ર લખ્યો. એ સ્ત્રીએ પત્રમાં લખ્યું કે મારા પતિ કશું ખાતા નથી. એમનું શરીર ધીમે ધીમે કૃશ થતું જાય છે. આપ ડૉક્ટર છો, તેથી આપમને વિનંતી કરવું છું કે એમને માટે કોઈ દવા મોકલશો કે જેથી તેઓ સ્વસ્થ થાય. મારી પાસે એટલા પૈસા નથી કે હું આપનું બીલ ચૂકવી શકું. આપ મદદ કરશો તો હું આપની આભારી થઈશ.' પત્ર મળતા ડૉક્ટર ઓલિવર ને આ પતિ-પત્ની માટે કરુણા ઉપજી. તેઓ એ પત્ર લઈને શોધતા શોધતા તે સ્ત્રીને ઘરે મળવા ગયા. એ મના પતિની શારીરિક તપાસ કરી. એના ઘરની ગરીબી જોઈ. ડૉકટરને સમજાયું કે એ ગરીબ સ્ત્રીનો પતિ રોગગ્રસ્ત તો છે જ પરંતુ એથીયે વધારે ગરીબાઈથી પણ પીડાય છે. ડૉટર રજા લેતા કહ્યું કે હું તમને થોડા સમયમાં દવા મોકલી આપીશ જેથી તમે પુનઃ આરોગ્ય પ્રાપ્ત કરી શકશો.' ડૉકટરનું હૃદય વલોવાઈ ગયું હતું. એક નાના બોકસમાં પાંચ ગીની મૂકી અને એના પર લખ્યું, 'તમને જરૂર લાગે ત્યારે એનો ઉપયોગ કરજો.'

# નાગરિકતા સંશોધન કાનૂન વિધિવત અમલી

**તંત્રીસ્થાનેથી...**

સંસદમાં બંને ગૃહોએ પસાર કરેલ નાગરિકતા સંશોધન કાનૂન ૧૦ જાન્યુઆરી, ૨૦૨૦થી અમલી બને છે. ભારતીય રાજપત્ર (ગૅજેટ)માં એની પ્રસિદ્ધિ થઈ ગઈ છે. અનેક પ્રકારના વિરોધવંટોળની પરવા કર્યા વિના કેન્દ્ર સરકારે આ કાનૂનને અમલી બનાવી એની પ્રતિબદ્ધતાનો પરચો આપી દીધો છે. ગૃહમંત્રી અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જોડીએ સંકલ્પપૂર્વક પાડોશી હિંદુ લઘુમતી ધરાવતાં ત્રણ રાષ્ટ્રોના હિજરતી બિન મુસ્લિમોને દેશના નાગરિક તરીકે સ્વીકારી લેવાનું વચન આપ્યું હતું જે આ કાનૂન અમલી બનતાં પાળી બતાવ્યું છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશ (જે મૂળે તો પૂર્વ પાકિસ્તાન જ છે) માં રહેતા હિંદુઓની દુર્દશાથી દુનિયા ભલે વાકેફ ન હોય પરંતુ આ દેશની હિંદુ પ્રજા તો વાકેફ હતી જ. દેખીતી રીતે જ સ્વધર્મી પ્રજા પર પાડોશી દેશોના ઈસ્લામિક શાસન દ્વારા થતા અત્યાચારોને કારણે દેશનાં હિંદુ ભાઈબહેનો ભારે ગ્લાનિ અનુભવતાં રહ્યાં છે. ઈસ્લામિક રાષ્ટ્રોમાં હિંદુઓ, ખ્રિસ્તીઓ, બૌદ્ધો કે શીખોને સેકંડરેટ સિટીઝન કરતાં પણ નીચા દરજ્જા જેવો વ્યવહાર થતો હોઈ પોતાનું વહાલું વતન છોડી ઘણા બધા હિંદુસ્તાનમાં આવવાની તકની જોતા હોય તે સ્વાભાવિક છે. બહેન દીકરીઓની ઈજ્જત આબરૂથી લઈ ધર્માન્તરણ સુધીના સમસ્યાઓનો સામનો કરતી હિંદુ લઘુમતી પ્રજા ભારતમાં આવીને ઊંચા જીવે રહેતી હોઈ આ મુદ્દો રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ અને એની રાજકીય શાખા જેવી ભારતીય જનતા પાર્ટી માટે હૃદય વિદારક બની રહ્યો હતો. બહુમતી જનમાનસમાં પણ એવા હિજરતી સમાનધર્મીઓને નાગરિકતા આપવાની લાગણી તીવ્રથી તીવ્રતર બનતી જતી હતી. મોદી સરકારે એના બીજા શાસનકાળના પ્રારંભે જ આ મુદ્દે બિલ રજૂ કરી સંસદમાં બેઉ ગૃહોમાં પસાર કરાવી દેતાં એ હવે કાયદો બની ગયેલ છે. આ કાનૂન અમલી ન બને એ માટે જેએનયુ અને અલિગઢ યુનિવર્સિટીના વિદ્યાર્થી સમુદાય અને કહેવાતા બૌદ્ધિકો તથા મુસ્લિમ જનતા દ્વારા દેશભરમાં દેખાવો થયા જેમાં ઓછામાં ઓછા પચ્ચીસ લોકો માર્યા ગયા અને કરોડો રૂપિયાનું આર્થિક નુકશાન થયું છે, પરંતુ સરકાર કાનૂનના અમલીકરણ મુદ્દે દૃઢસંકલ્પ હતી. કોંગ્રેસ સહિતના વિપક્ષોએ કાનૂનનો વિરોધ કરવાની રાજનીતિ કરી એમાં લઘુમતી વોટબેંક પર જ નજર હતી - એવું હિંદુ બહુમતી સમાજને ઠસાવવામાં શાસક પક્ષ મહદંશે સફળ રહ્યો છે. યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ શાસન વિરોધી પરિબળોના હાથા બની રહ્યા હોવાનું પણ બહુમતી હિંદુ પ્રજાને સમજાવવામાં કેન્દ્ર સરકાર સફળ થઈ છે. વિરોધ પ્રદર્શનો શમી ગયાં અને કાયદાનું સ્વરુપ લઈ ચૂકેલ નાગરિકતા સંશોધન બિલ આગામી ચૂંટણીઓ દરમિયાન ભાજપ માટે બહુમતી વોટોના ધ્રુવીકરણનું બ્રહ્માસ્ત્ર બની રહેવાની સંભાવના છે. તીન તલાક, કાશ્મીર અને અયોધ્યા ઉપરાંત આ વધુ એક હથિયાર મોદી અને શાહના ભાથામાં ઉમેરાયું છે જે એમના માટે ૨૦૨૪ની વૈતરણી પાર કરી વધુ પાંચ વર્ષ માટે સત્તાનો મેન્ડેટ મેળવવા સાધન બની રહે તો નવાઈ નહીં.

# જીવનરૂપી ચાર પુરુષાર્થ



**રંગ-ઉમંગ**

કાનન ઓઝા

ભારતીય પરંપરાએ સાધનાની આધારશીલા દેહમાં રહેલા આત્માને ગણ્યો છે. એના આધારે જ શરીર ટકી શકે છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ 'પંચમહાભુત'ના તત્ત્વોનું પૂતળું એવા સ્થૂળ શરીરના ભોગોમાં માણસ ભાન ભૂલે છે. મૃત્યુ વખતે પણ આજ શરીર હોય છે. છતાં ૬૦ વર્ષ સાથે રહેલી પત્નીને પતિનું મૃત્યુ પામેલું શરીર બિહામણું લાગે છે. તેનો ડર લાગે છે. જે વ્યક્તિ આ પૃથ્વી ઉપર ૮૦ વર્ષ સુધી હરતી ફરતી હતી. તેનું જ શબ થોડા દિવસ પડ્યું રહે તો ગંધાઈ ઊઠે છે. કારણ તેમાં જે ચૈતન્ય હતું. તેણે તેમાંથી વિદાય લીધી છે. આમાં વહાલાં વહાલી વ્યક્તિ અને આપણે સૌએ પણ આખરે અહીંથી જવાનું જ છે. આ શરીરમાં એક અવિનાશી તત્ત્વ ઉતરી આવે છે. તે આ શરીરનું સંચાલન કરે છે. ઘરમાં લાઈટ ફીટીંગ બરાબર કર્યું હોય પણ જો તેમાં વિદ્યુત પ્રવાહ દાખલ ન કરાયો હોય તો વીજળીથી ચાલતું કોઈ પણ ઉપકરણ ચાલુ ન થઈ શકે. વાયર એ વીજળીથી ચાલતું કોઈ પણ ઉપકરણ ચાલુ ન થઈ શકે. વાયર એ વીજળીને આવવાનો રસ્તો છે. વીજળીનો પ્રવાહ આવતો બંધ થાય તો અંધારુ ઘોર થઈ જાય એવી જ રીતે શરીરમાં ચૈતન્ય હોય તો જ એની જટીલ રચનાઓ કામ કરતી રહે છે. જેમ કે જીભ સ્વાદ મેળવે છે. દાંત, ખોરાક ચાવીને જઠરમાં મોકલે છે. એ ખોરાક ચાવીને જઠરમાં મોકલે છે. એ ખોરાકમાંથી લોહી, માંસ, મજ્જા, હાડકાં વગેરે શરીરની અંદરના અવયવો બનાવે છે. આ કામ ખરેખર જટિલ છે. કાનનું સાંભળવું, આંખનું જોવું અને શરીરનું સંવેદનપણું અદ્ભૂત છે. શરીરના કોઈ પણ ભાગ ઉપર મચ્છર બેસે તો તેનો સંદેશો જ્ઞાનતંતુ મગજને પહોંચાડે છે. મગજ મન દ્વારા હાથ ને સંદેશો મોકલે, હાથ મચ્છર ઉડાડે, વ્યક્તિની જાગૃતિ ન હોય તો પણ આ ક્રિયા બને છે. આ તમામ પ્રક્રિયાઓ ત્યારે જ બને ત્યારે પેલો અધિષ્ઠઆન ચૈતન્ય અંદર બેઠો હોય.

ખુબી એ તો જુઓ, સો ફૂટ ઊંચા વૃક્ષની ઉપરની ટોચની ડાળની એક નાની શી કુંપળને પોષણ પહોંચાડવા માટે પાણી એ કુંપળ ઉપર નાખવાની કોઈ જરૂર નથી. પણ જમીનમાં દટાયેલા મૂળ એ પાણી પહોંચાડે છે. વૃક્ષનાં અવયવો એ પાણી અને ધરતી અંદરના તત્ત્વોને સાર એ વૃક્ષમાં પહોંચાડે છે. તેવી જ રીતે અધિષ્ઠાન પંચમહાભૂતના પૂતળી એવા શરીરમાં હોય છે. ત્યારે તે શરીરનાં તંત્રને, શરીરના તમામ અવયવોને કામ કરતા કરી દે છે, તેથી જ અધિષ્ઠાન અને શરીરના સંયોગને 'જીવન' કહેવાય છે. આ વાત આટલી બધી સ્પષ્ટ હોવા છતાં માણસ જેટલી કાળજી શરીરની લે છે. તેટલી ચૈતન્યની લેતો નથી.

માનવ જનમ લઈને જે જીવ ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાંથી કોઈ પણ એકની પ્રાપ્તિ માટે પ્રયત્ન નથી કરતો તે કેળવી આ સંસારમાં મરવા માટે જ ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થવા માટે જ મરે છે. એટલે કે આ મૃત્યુલોકમાં એવાઓનો જન્મ સર્વથા નિરર્થક છે. એ જીવતાં છતાં મરેલા છે. સ્થૂળ શરીરનો જન્મ એ જીવનની શરુઆત અને મૃત્યુ એ અંત છે. જયારે શરીરનો અંત આવે છે. ત્યારે અંદર રહેલા અધિષ્ઠાનનો અંત નથી આવતો, એ બીજું શરીર ધારણ કરે છે. આ તમામ કામ 'કર્મતંત્રના નિયમ' દ્વારા થાય છે. દરેક માણસનું કર્મ એક સરખું નથી હોતું. તેથી એ જ પિતાના ત્રણ પુત્રો, અરે એ જોડકાં હોય તો પણ એ દેખાવમાં સરખાં નથી હોતા, ગુણમાં પણ સમાન નથી હોતા.

માણસને એવો પ્રશ્ન થાય કે શું બીજા શરીરમાં ન પ્રવેશવું પડે તેવી કોઈ વ્યવસ્થા હશે ખરી? ભારતીય તત્ત્વચિંતન કરે છે કે આવી વ્યવસ્થા છે જ તેને મોક્ષ કહેવાય છે. મોક્ષની સાથે સ્વર્ગ, નર્ગ, સુખ, દુઃખ ને કોઈ નિસ્બત નથી. જન્મવું જ પડે તે વાત સાવ સાચી છે. પણ જન્મવું જ ન હોય તો માણસને કોઈ પરિબળ જન્મ લેવાની ફરજ નથી પાડતું. માણસ કોઈના કારણે નહિ પણ પોતાની જાતના કારણને લઈને જ જન્મે છે. માટે જ નહિ જન્મવાનો પુરુષાર્થ માણસ પોતે જ કરવો પડશે. ધર્મ સાધના કરીને મોક્ષ મેળવવામાં જે સમયગાળો જાય તેમાં તેણે પોતાના શરીરને જાળવવું પડશે. શરીરને અન્ન, વસ્ત્ર, ઔષધ, પાણી વગેરે સાધનો જોઈશે. એ સાધનો સંસારીને જોઈશે, તો જેણે સંસાર ત્યાગ્યો છે તેવા સંન્યાસીને પણ અને એકાંતમાં રહેતા વિરક્ત તપસ્વીને પણ જોઈએ. તે મેળવવા માટે નાણું જોઈએ. નાણઉં એટલે 'અર્થ' - અર્થ એટલે વિનિયમનું સાધન, જીવન જીવવા માટે જરૂરી હોય તેવી કોઈ વસ્તુ જોઈતી હોય તેનાં બદલામાં નાણાં આપવા પડે છે. જે વખતે, જે કાળે વિનિયમનું સાધન જે ચાલતું હોય તેનું નામ 'અર્થ' કહેવાય છે. એ અર્થથી આ પંચમહાભૂતના પૂતળા રૂપી શરીરનું પાલનપોષણ કરવાનું છે. માટે એ 'અર્થ' જે સીધું ખાવા-પીવાના કામમાં નથી આવતું તેને મેળવવા પુરુષાર્થ કરવો જ પડે.

# આવો, આર્થિક દૃષ્ટિએ ૨૧મી સદીને ઓળખીએ



**મોરપીંછના રંગ**

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

આજના યુગની આપણી આર્થિક વિભાવના અને પરિસ્થિતિ બન્ને જુદી જુદી રીતે બદલાઈ રહી છે. જે અગાઉના વર્ષોમાં હતું તે આજે નથી. અને જે આજે છે તે આવનારા વર્ષોમાં નહીં હોય. યુગ બહુ ઝડપથી બદલાઈ રહ્યો છે. પરંતુ આપણે તેટલી ઝડપથી બદલાઈ શકતા નથી પરિણામે સમાજ સાથે આપણે સતત સંઘર્ષ કરવો પડે છે. ખાસ કરીને જ્યારે આર્થિક બાબત આવે છે ત્યારે. કેમ કે પહેલા જે યુગ પચીસ પચાસ વર્ષે બદલાતો હતો તે યુગ આજે દર વર્ષે બદલાઈ જાય છે. પરંતુ આટલી ઝડપથી આપણે આપણી માનસિકતા બદલી શકતા નથી. અને પરિણામે આપણે જે સ્થિતિમાં વર્ષોથી છીએ એ જ સ્થિતિમાં રહીએ છીએ. આગળ વધી શકતા નથી. સમાજ સાથેના, બગડતી આર્થિક સ્થિતિ સાથેના સંઘર્ષની માત્રા વધતી રહે છે. અને અમુક વર્ષો પસાર થતા આપણે આપણી મધ્યમવર્ગીય પરિસ્થિતિથી ટેવાઈ જઈએ છીએ. કારણ કે બદલાતી સામાજિક સ્થિતિ કે આર્થિક નીતિને આપણે સ્વીકારી શકતા નથી. જે કામ આપણે દસ વીસ વર્ષ પહેલા કરતા હતા તે જ કામ આપણે આજે પણ કરીએ છીએ. દા.ત. રીક્ષા કે કાર ડ્રાઈવિંગ, કરિયાણાની દુકાન, રેસ્ટોરન્ટ, ટ્યુશન ક્લાસ, પ્રિન્ટીંગ લાઈન, પ્રકાશન, કન્સલટન્સી, નાની મોટી દુકાન, સેલ્સમેનશીપ, માર્કેટિંગ, અખબારી પત્રકારિત્વ, આવા અનેક નાના મોટા કામ, બિઝનેશ, નોકરી આપણે વર્ષોથી કરતા આવ્યા છીએ. જેથી આપણી આવક સ્થિર રહે છે અને મોંઘવારી વધતી રહે છે.

આજે જગત આર્થિક રીતે ખુબ જ ઝડપથી વિકસિત થઈ રહ્યું છે ત્યારે આપણો દેશ પણ પોતાની આર્થિક નીતિ બદલીને નવા નવા આવિસ્કાર કરે છે. આજે જ્યારે વિશ્વનું ગ્લોબલાઈઝેશન થઈ રહ્યું છે ત્યારે આપણે હજીએ એ જ જુની પરંપરા, જુની માન્યતા, માનસિકતા લઈને જીવીએ છીએ. જેને કારણે બદલાતા વિશ્વની સાથે આપણે આપણી આર્થિક પરિસ્થિતિનો તાલ મેળવી શકતા નથી. અનેક આર્થિક મુશ્કેલીઓનો સામનો કરતા કરતા થાકી જઈએ છીએ. જેની અસર આખા પરિવાર પર પડે છે.

થોડી સીધી વાત સમજીએ તો આજે આવકના સાધનો, પદ્ધતિ અને સ્વરૂપ બદલાયા છે, પરંતુ આપણે હજીએ એ જ દુકાનો, એ જ નાની મોટી નોકરીઓ, મજુરીઓ અને હાર્ડવર્ક કરી રહ્યા છીએ. આ ૨૧મી સદી જ્ઞાનની સદી છે. ડિગ્રીની નહી, ભલે ડિગ્રી જરુરી છે પણ ડિગ્રી તમને ડેટા આપી શકે, વિશાળ માહિતી આપી શકે, જ્ઞાન નહીં.. જો તમને કોઈ વિશેષ બાબતનું જ્ઞાન હોય તો એનો પ્રોફેશનલ ઉપયોગ કરીને કમાઈ શકાય છે. અગાઉના વર્ષોમાં કરિયાણાની દુકાનો ધમધમતી હતી. એક પરિવાર એક જ દુકાને પોતાનું ખાતું રાખીને જીવનજરૂરિયાતની બધી જ ચીજ વસ્તુઓ લઈને મહિનાને અંતે બીલ ચૂકવવામાં આવતું. પરંતુ આજે? સાવ નજીકના જ વિતેલા સમયમાં એસ.ટી.ડી. પીસીઓને ધૂમ હતી. ગલી ગલીએ પીસીઓ ખૂલી ગયા હતા. પરંતુ આજે ? અગાઉ કોઈ બિઝનેશ કરવો હોય તો લાખો રૂપિયા અને હાર્ડવર્ક જોઈતું હતું પરંતુ આજે કોઈ બિઝનેશ કરવા માટે નથી લાખો કરોડો રૂપિયાની જરૂર કે નથી કોઈ હાર્ડવર્કની જરૂર. આજે સ્માર્ટ વર્કથી બધુ જ શક્ય બને છે. આજે એક ક્રિએટીવ વિચાર તમને અમીર બનાવી શકે છે. એમેઝોન, ફેસબૂક, ઉબેર, ઓલા, આના શ્રેષ્ઠ ઉદાહરણો છે. આજે ધંધાનું સ્વરૂપ બદલાયું છે અને હજી બદલાતું રહેશે. પણ આટલી ઝડપથી આપણે બદલાઈ શકતા નથી.

આ સંસારમાં એ જ વ્યક્તિ મહાન બને છે જે સમય સાથે પોતાને બદલી શકે છે, આગળ વધી શકે છે, જે સામાજિક પ્રવાહથી અલગ ચાલે છે. પોતાનો રસ્તો નવો બનાવે છે. આ નવા રસ્તામાં પણ મુશ્કેલીઓ તો આવવાની જ. પણ પોતાની જાત ઉપર અતૂટ વિશ્વાસ રાખીને આગળ વધવું જરુરી છે. આજનો યુગ સતત બદલાતો, નવી નવી પરિસ્થિતિઓનું સર્જન કરતો યુગ છે, બહું ઝડપથી વૈશ્વિક સ્થિતિ બદલાઈ રહી છે, સમાજની માનસિકતા બદલાઈ રહી છે. જે આજથી થોડા વર્ષો પહેલા કોઈએ સ્વપ્રમાં પણ વિચાર્યું નહોતું એવો "ઓન લાઈન " વ્યાપાર આજે ધૂમ મચાવી રહ્યો છે, ઓન લાઈન ખરીદીના રેકોર્ડ તૂટી રહ્યા છે, આવી કંપનીઓના માલિકો વિશ્વના ધનિકોની યાદીમાં સ્થાન પામી રહ્યા છે. એમેઝોનનો માલિક જૈફ બેઝોસ હોય કે અલીબાબા ડોટ કૉમનો માલિક જેક મા હોય... આ બન્ને એક સમયે સાવ સામાન્ય માણસો જ હતા, જેક માએ તો વળી છેક ૧૯૯૪માં જીવનમાં પહેલીવાર ઈન્ટરનેટ શબ્દ સાંભળ્યો અને ૧૯૯૫માં અમેરિકામાં આ ઈન્ટરનેટ જોયું. અને પોતાને સ્વદેશ આવી ઈન્ટરનેટને બિઝનેશનું માધ્યમ બનાવીને કંપની સ્થાપીને આજે વીસ બાવીસ વર્ષમાં દુનિયાના ધનિકોમાં સ્થાન પામે છે અને આપણે સરકારી અધિકારી હોવાથી, કોઈ કંપનીમાં સારી પોસ્ટ પર હોવાથી, કવિ, લેખક, કલાકાર કે પત્રકાર હોવાથી આપણી જાતને શ્રેષ્ઠ સમજીને એ જ રૂટિનમાં, એક જ હરોળમાં, એક જ પ્રવાહમાં જીવીએ છીએ. બસ એ જ પગાર, આવક, માનસિકતા અને રોજનીશીમાં આપણા વીસ ત્રીસ વર્ષો નીકળી જાય છે. પણ આપણે આપણા પરિવાર સિવાય કોઈનું ભલું કરી શકતા નથી. અને આખા જીવન દરમિયાન પરિસ્થિતિ સામે સતત સંઘર્ષ કરતા રહીએ છીએ. પણ હું માનું છું કે ઈશ્વરે આપણને બધાયને એક જ સરખી શક્તિ અને બુદ્ધિ આપી છે. પણ આપણે મોટેભાગે વર્તમાન અને ભવિષ્યના સમયને ઓળખી શકતા નથી. કેમ કે આપણે હંમેશાં ભુતકાળના અનુભવોને ધ્યાનમાં રાખીને આગળ વધીએ છીએ, નોકરી કે ધંધો કરીએ છીએ. ભુતકાળમાં જો કોઈ એક બિઝનેશમાં રૂપિયા ડૂબ્યા હોય તો પછી એ બિઝનેશ માટે ફરી કદી વિચારતા જ નથી. પછી એમાં ગમે તેટલી સંભાવનાઓ હોય. આપણે એ ભૂલી જઈએ છીએ કે મોટી સફળતા મળતા પહેલા અનેક નિષ્ફળતાઓ આવતી જ હોય છે. જ્યારે રાઈટ બંધુઓ દ્વારા વિમાન બનાવવામાં આવ્યું ત્યારે પહેલા જ પ્રયત્ને તેઓ વિમાનમાં ઊડ્યા નહોતા. અનેક વખત એમાં નિષ્ફળતા મળી હતી. આમ છતાંય એ કામ પકડી રાખ્યું અને છેવટે વિમાન ઊડાડ્યું. આવા તો અનેક ઉદાહરણો મળે છે.

આપણે હંમેશાં એક કામમાં નિષ્ફળ જતા બીજું કામ શોધીએ છીએ. પણ જો કામ સારું છે. મોટું છે. તેમાં ભવિષ્ય બની શકે એમ છે. સારું કમાઈ શકાય એમ છે. સરકારના નિયમો અનુસારનું છે અને એ જ કામમાં અનેક લોકો સફળ બન્યા છે પણ જો આપણે નિષ્ફળ જઈએ છીએ તો આપણે આપણી જાતનું ચિંતન કરવું જોઈએ. આપણી નિષ્ફળતા વિશે મનોમંથન કરવું જોઈએ. નિષ્ફળ જવાના કારણો શોધી અને દૂર કરી ફરીથી એ જ કામ હાથ પર લઈને પૂરી તાકાતથી કરવામાં આવે તો અચૂક સફળતા મળે છે. ઘણીવખત કોઈ કામને સમજવામાં આપણી સમજણ ઓછી પડે છે, ટૂંકી પડે છે. ક્યારેક બીજાના અભિપ્રાયો ઉપર આપણે નિર્ણયો કરતા હોઈએ છીએ. આપણે બિમારી વખતે તો જે તે બિમારીના સ્પેશ્યાલિસ્ટ ડૉકટર પાસે જઈને ઈલાજ કરાવીએ છીએ. પણ બિઝનેશ કરતી વખતે સલાહ ઘરના વડિલોની કા પત્નીની કા મિત્રોની લઈએ છીએ. હવે આપણે જે બિઝનેશ કરવા ઈચ્છીએ છીએ તે બિઝનેશ વિશે શક્ય છે તેઓ માંથી કોઈ કશું જ જાણતા નથી તો પછી તેઓ જે અભિપ્રાય આપશે તે કેવો આપશે? એમના પૂર્વાનૂભવને ધ્યાનમાં રાખીને તેઓ પોતાનો અભિપ્રાય આપશે. જે મોટેભાગે નેગેટિવ હોય છે.

આ ૨૧મી સદી આર્થિક રીતે ખૂબ જ સમૃદ્ધ છે. આ સદીમાં ખુબ જ સુખ ને સમૃદ્ધિ હશે પણ જે લોકો પોતાને આ સદીને અનુરૂપ બનાવશે એ જ. જે લોકો પોતાનો જ દૃષ્ટિકોણ બદલી શકશે, પોતાના જુના વિચારો, આદર્શો, સંસ્કારોમાં પરિવર્તન કરી શકશે. નવી દુનિયાની સાથે દોડી શકશે. એ જ કંઈક બની શકશે. પહેલા તો લાખો રૂપિયા કમાવવા માટે કરોડો રૂપિયાનું રોકાણ કરવું પડતું હતું. જ્યારે આજે લાખો, કરોડો કે અબજો કમાવવા માટે કોઈ રૂપિયા રોકવાની જરૂર નથી. બસ માત્ર ક્રિએટિવ વિચાર, સાહસ, ધૈર્ય, અવિરત પરિશ્રમ, સકારાત્મકતા અને મોટા સપના .... બસ આટલું હોય તો તમે બની શકાય છે દુનિયાના અમીર માણસ અને બદલી શકો છો આખા પરિવારની આર્થિક સ્થિતિ. આ સદીમાં વિચારનું, કામનું, જ્ઞાનનું, શિક્ષણનું, સુખનું... સૌનું સ્વરૂપ બદલાયું છે. જેને આપણે સૌએ આજે નહીં તો કાલે સ્વીકારવું જ પડશે. અસ્તુ.

- 9426060601.india@gmail.com

# સહાનુભુતિની સાથે સપોર્ટ પણ જરૂરી છે..!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

આ વાંચતા હશો ત્યારે એસીડ એટેકનો ભોગ બનેલ લક્ષ્મી અગ્રવાલના જીવન પર બનેલી ફિલ્મ 'છપ્પાક' રીલીઝ થઈ ચુકી હશે. ફિલ્મની લીડ હિરોઈન અને લક્ષ્મીનો રોલ પ્લે કરનાર દીપિકા પાદુકોણે ફિલ્મ સિવાયના બીજા જ કારણોસર આ લખાય છે ત્યારે વિવાદમાં છે. ઈવન દેશ આખાની સહાનુભુતિ જીતનાર અને એસીડ એટેક પછીની જિંદગીને બહાદુરીપૂર્વક જીવનાર અને એવા લોકો માટે લડનાર લક્ષ્મીની સ્ટોરીમાં પણ લગ્નવિચ્છેદ, બેકારી, સિંગલ મધર જેવી તકલીફો રહેલી છે. જેએનયુમાં દીપિકાનું જવું અલગ ચર્ચાનો વિષય છે અને આજે આપણે એની નહિ પણ એસીડ એટેકના ભોગ બનેલા લોકોની વાત કરવી છે. ૨૦૦૫મા એસીડ એટેકનો ભોગ બન્યા પછી ખુદ લક્ષ્મીને જ લાગેલું કે બસ હવે જિંદગી સમાપ્ત થઈ ગઈ. પણ હિમ્મત ના હારવાના સંકલ્પ સાથે એણે ખુલ્લેઆમ વેચાતા એસીડ વિરુદ્ધ અભિયાન ચલાવ્યું, સરકારને કાયદા કડક કરવાની માંગ કરી જેને દેશવ્યાપી સમર્થન પણ મળ્યું અને એના અને બીજા સમર્થકોના પ્રયાસથી કાયદામાં ફેરફાર થયો. પણ કાયદાની બીક છતાં પણ એસીડ એટેકના બનાવો તો બનતા જ આવ્યા છે.

લક્ષ્મી અને એની સ્ટોપ સેલ એસીડ મુવમેન્ટ અને કાયદાકીય લડતો અને દેશવાસીઓના સમર્થનના પ્રતાપે ૨૦૧૩મા કાયદામાં પરિવર્તન કરવામાં આવ્યું એ મુજબ એસીડ વેચનારે લેનાર વિશેની બધી જ માહિતીનું એક રજીસ્ટર રાખવું પડે જેમાં ફોટો આઈડી – ખરીદવાનું કારણ – ક્યાં વપરાશ કરવાના વગેરેની નોંધ લેવી પડે અને આ રજીસ્ટરની મેજિસ્ટ્રેટ તપાસ કરી શકે, ૧૮ વર્ષથી નીચેનાને તેજાબ વેચી શકાય નહિ. જાણીજોઈને કોઈ પર એસીડ નાખવો બિનજામીનપાત્ર ગુનો બનાવ્યો અને ગુનો સાબિત થાય તો ૧૦ વર્ષની જેલ અને રોકડ દંડ પણ ફટકારી શકાય કે જે રકમ એસીડ એટેકનો ભોગ બનેલને મળે. કોઈ પણ રાજ્ય કે કેન્દ્રશાષિત પ્રદેશે તાત્કાલિક ૩ લાખ સુધીની સહાય આપવાની રહે. જો કે એસીડ એટેકનો ભોગ બનેલા આને બહુ નાની રકમ ગણે છે કેમકે એક એસીડ એટેકનો ભોગ બનેલાને નોર્મલ થતા સર્જરી અને સારવારમાં ૪૦ લાખ જેટલો ખર્ચ થાય છે જો કે કાયદા મુજબ તો કોઈ પણ હોસ્પિટલ આવા વિકટીમની મફત સારવાર કરવામાં ના નહિ પાડી શકે અને સારવારને અંતે સર્ટીફીકેટ પણ આપવું પડે કે જેથી એટેકનો ભોગ બનનારને ભવિષ્યમાં બધા જ લાભ મળે. પણ અફસોસ કે કાયદામાં આવા કડક બદલાવ છતાં પણ એસીડ એટેકની ઘટનાઓ સાવ ઓછી કે સમ્પૂર્ણ બંધ તો થઈ જ નથી.

મોહાલીના મરોલી કલન ગામની ઈન્દરજીત કૌર પર એટલા માટે એસીડ ફેંકવામાં આવ્યો કે એણે લગ્નનું માંગુ ઠુકરાવેલું.... ફરીદા પર એટલા માટે એના પતિએ એસીડ ફેંક્યો કેમકે ડ્રગના વ્યસની પતિને છોડવાની એણે વાત કરેલી....ભાગલપુરની કાજલ પર એસીડ એટલે ફેંકાયો કેમકે એણે પોતાની છેડતીનો વિરોધ કરેલો....વારાણસીથી દિલ્હી જઈ રહેલી ટ્રેનમાં સુતેલી પ્રજ્ઞાસિંહ પર એના પૂર્વ પ્રેમીએ એસીડ છાંટી દીધો....બેંગ્લોરમાં ૩૫ વર્ષની બસ કંડકટર મહિલા પર સ્કુટર પર આવેલા બે અજાણ્યા શખ્શોએ તેજાબ ફેંક્યો...ઈવન મશહુર એક્ટ્રેસ કંગનાની બહેન રંગોલીએ પણ પોતાના પર થયેલા એસીડ એટેકની વાત કરી છે.....હરિયાણાની રીતુ પર એના જ ફોઈના દીકરાએ ભાડુતી ગુંડાઓ પાસે એસિડ ફેંકાવેલો,એસિડ અટેક વખતે રીતુ માંડ ૧૭ વર્ષની હતી, અને ફોઈનો દીકરો ૩૯નો હતો...મુઝફરનગરમાં પોતાના પર થયેલા બળાત્કારની સુનાવણી માટે જી રહેલી ૩૦ વર્ષની સ્ત્રી પર બળાત્કારના જ આરોપી એવા ચાર લોકોએ એસીડ ફેંક્યો – કારણ ? સ્ત્રીએ બળાત્કારની ફરિયાદ પછી ખેંચવાની ના પાડેલી....આદિત્યની માતાના એકતરફી પ્રેમમાં પડેલા પાડોશીએ માત્ર અઢી વર્ષના આદિત્ય પર એસીડ એટેક કરેલો... આ તો માત્ર ઉદાહરણો જ છે, વાસ્તવિકતા તો આનાથી પણ અનેક ગણી ભયાનક છે પણ ઉપરના બધા જ ઉદાહરણો એક વાત તરફ અંગુલીનિર્દેશ કરે છે કે મોટાભાગના એસીડ એટેકના બનાવો સ્ત્રીઓ પર જ બને છે. નોંધાયેલા કેસોમાંથી ઓલમોસ્ટ ૭૨% બનાવોમાં ભોગ બનનાર સ્ત્રી છે અને આ બનાવોમાંથી લગભગ ૭૦% જેટલા બનાવોનું કારણ છે પ્રેમીને નાં પાડવી કે લગ્નની દરખાસ્ત નામંજૂર કરવી...!!.ગંભીરતા એ છે કે સ્ત્રીઓ ઉપર થતા અત્યાચારોમાં એસીડ ફેંકવાનો અત્યાચાર કદાચ ઘરેલું હિંસા પછીના ક્રમે આવે છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના ૨૦૧૭ના એક રીપોર્ટ મુજબ એસીડ એટેકના ૫૬ બનાવો સાથે ઉત્તરપ્રદેશ નંબર એક પર છે. બંગાળમાં ૫૪ અને દિલ્હીમાં ૧૪ બનાવો પોલીસ ચોપડે નોંધાયા હતા. એના પછીના સ્થાને ૧૩-૧૩ બનાવો સાથે ઓડીસા અને કેરળ છે. આંધ્ર, તામીલનાડુ અને કર્ણાટકમાં પણ પાંચ થી ત્રણ બનાવો નોંધાયા છે. ઈવન આપણા ગુજરાતમાં પણ એકલ દોકલ બનાવો નોંધાયા છે. ૨૦૧૭ની જ વાત કરીએ તો ભારતભરમાં કુલ ૨૪૪ એસીડ એટેકના કેસો નોંધાયા. તમને કદાચ આ આંકડો ઓછો લાગતો હોય તો જાણી લ્યો કે એસીડ એટેકના મોટા ભાગના બનાવો પોલીસ ચોપડે નોંધાતા જ નથી. અને એટલે જ અહી ૨૦૧૭ના આંકડા એટલા માટે નોંધ્યા કે આ જઘન્ય અપરાધની ગંભીરતા સમજાય. મોટાભાગના એસીડ એટેક કેસમાં ક્યાં તો ભોગ બનનારનું મૃત્યુ થયું હોય છે અથવા તો ગામડાઓમાં બનતા આવા બનાવો પોલીસ ચોપડે નથી નોંધાતા અથવા તો મોટાભાગના કિસ્સાઓમાં એસીડ એટેક કરનાર કુટુંબનું જ કોઈ સભ્ય હોય છે અથવા તો ગામ કે શહેરનો વગદાર માણસ.

હકીકત એ છે કે દેશનો કોઈ કાયદો એસિડ અટેક કરનારાઓને રોકી નહીં શકે કેમકે એક તો કાયદાકીય વિધિમાં અનિવાર્ય ઝડપનો અભાવ છે કે જેનાથી કડક સજા થાય અને ભવિષ્યમાં કોઈ આવું કરતા સો વાર વિચારે બીજું કે આ એક માનસિકતા છે અને જો માનસિકતા બદલાય તો જ આવા બનાવો ઓછા થાય.. તેના માટે જરૂર છે લોકોની મેન્ટાલિટી બદલવાની. એસિડ અટેક થવાથી ચહેરો બગડ્યો હોય તો શું થઈ ગયું? સર્વાઈવર્સને ઘરે બેસી રહેવાની કોઈ જરૂર નથી. સમાજે તેમની મદદ માટે આગળ આવવાની જરુર છે. એસીડ એટેકનો ભોગ બનનારને સહાનુભુતિ કરતા પણ ટેકાની વધુ જરૂર હોય છે. દેશમાં અનેક સંસ્થાઓ આ માટે કામ કરે છે એ ઉપરાંત એસીડ એટેકનો ભોગ બનનાર પણ પોતાની રીતે જિંદગી જીવવાના પ્રયત્નો કરી રહ્યા છે, ઘણીબધી સ્વૈચ્છિક સંસ્થાઓ એમના પુનર્વસન, એટેક પછીની સારવાર અને ફરીથી સમાજમાં સ્થાન મેળવી શકે એના માટે વિવિધ પ્રવૃતિઓ કરી રહી છે ખાસ તો એસીડ એટેકનો ભોગ બનેલ ફરીથી સરળ રીતે જિંદગી જીવી શકે એવા પ્રયાસો હજુ વધુ થાય એ બહુ જરૂરી છે. એની સાથે સાથે વધતા જતા એસીડ એટેકના બનાવો સ્પષ્ટ નિર્દેશ કરે છે કે કાયદાને હજુ વધુ કડક ઝડપી અને પારદર્શી બનાવવાની તાતી જરૂર છે. નો ડાઉટ કાયદો, સરકાર અને સમાજ શક્ય એટલી કડકાઈ, સહાનુભુતિ અને એક્શન લઈ રહી છે પણ જો સ્ત્રીઓ પર થતા આ અતિ જઘન્ય અપરાધને ખાળવો હશે તો હજુ પણ સમાજ અને કાનુંને ઘણું કરવું પડશે,